# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૨૫ તા.૧૩-૦૬-૨૦૨૩

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- શાળામાં પ્રાર્થના કાર્યક્રમના આયોજન બાબત.

આથી તમામ મ્યુનિ. શાળાઓનાં મુખ્ય શિક્ષકોને ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, શાળામાં વિદ્યાર્થીઓના સંર્વાગીંણ વિકાસ માટે અનેક વિવિધ પ્રવૃતિઓ જેવી કે, પ્રાર્થના, સમૂહ કવાયત, પ્રવાસ પર્યટન, વિવિધ સંસ્થાઓની મુલાકાત, ઐતિહાસિક સ્થળોની મુલાકાત, વિજ્ઞાન કેન્દ્રોની મુલાકાત, અન્ય શૈક્ષણિક સંસ્થાઓની મુલાકાત કરાવવામાં આવે છે. શાળામાં શૈક્ષણિક પ્રવૃત્તિની શરૂઆત પ્રાર્થના કાર્યક્રમથી થાય છે. મ્યુનિ. શાળાઓનો પ્રાર્થના કાર્યક્રમ અસરકારક બને, તમામ શાળાઓના કાર્યક્રમમાં એકસૂત્રતા જળવાય, શાળાના તમામ વિદ્યાર્થીઓને પ્રાર્થના કાર્યક્રમમાં અભિવ્યક્તિ કરવાની તક મળે, વિદ્યાર્થીઓ દ્વારા રજુ થતા કાર્યક્રમોની વ્યવસ્થિત નોંધ જળવાય તે હેતુથી તમામ મ્યુનિ. શાળાઓને આ સાથે સામેલ પ્રાર્થના કાર્યક્રમના આયોજનનો અમલ કરવા જણાવવામાં આવે છે.

શાળાની મુલાકાતે આવનાર મુલાકાતીને રજૂ થયેલા પ્રાર્થના કાર્યક્રમની કરેલી નોંધ પુરાવા સ્વરૂપે બતાવવાની રહેશે. ગુણોત્સવ ૨.૦ ના મુલ્યાંકન સંદર્ભે શાળાના તમામ વિદ્યાર્થીઓ વર્ષ દરમ્યાન પ્રાર્થના કાર્યક્રમમાં ભાગ લઈ શકે તેમજ વર્ષ દરમ્યાન આ સાથે સામેલ પ્રાર્થના કાર્યક્રમના આયોજન મુજબના ઓછામાં ઓછા ૨૫ કાર્યક્રમ(પ્રાર્થના, ભજન, ધૂન, સુવિચાર, વાર્તા અને બાળગીત) રજૂ થાય તે મુજબનું સુચારૂ આયોજન શાળા કક્ષાએ કરવાનું રહેશે.

તા. ૧૩-૦૬-૨૦૨૩ શાસનાધિકારી

બિડાણઃ- પ્રાર્થના કાર્યક્રમનું સાપ્તાહિક આયોજન

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ

## પ્રાર્થના કાર્યક્રમનું સાપ્તાહિક આયોજન

**શાળાનું નામ:-** ........................................................................................................

**ધોરણ :-** .................

**સંચાલન :-** ........................................................................................................

| વિગત | તા: | તા: | તા: | તા: | તા: | તા: |
|---|---|---|---|---|---|---|
| | સોમવાર | મંગળવાર | બુધવાર | ગુરૂવાર | શુક્રવાર | શનિવાર |
| | કાર્યક્રમ / રજુકર્તા | કાર્યક્રમ / રજુકર્તા | કાર્યક્રમ / રજુકર્તા | કાર્યક્રમ / રજુકર્તા | કાર્યક્રમ / રજુકર્તા | કાર્યક્રમ / રજુકર્તા |
| વંદે માતરમ : | સમુહમાં | સમુહમાં | સમુહમાં | સમુહમાં | સમુહમાં | સમુહમાં |
| ઘડિયા ગાન : | સમુહમાં | સમુહમાં | સમુહમાં | સમુહમાં | સમુહમાં | સમુહમાં |
| યોગ : | સમુહમાં | સમુહમાં | સમુહમાં | સમુહમાં | સમુહમાં | સમુહમાં |
| શ્લોક : | સમુહમાં | સમુહમાં | સમુહમાં | સમુહમાં | સમુહમાં | સમુહમાં |
| પ્રાર્થના : | | | | | | |
| ભજન : | | | | | | |
| ધૂન : | | | | | | |
| કાવ્યગાન : | | | | | | |
| સુવિચાર : | | | | | | |
| જાણવા જેવું : | | | | | | |
| વાર્તા : | | | | | | |
| બાળગીત : | | | | | | |
| આજના મુખ્ય સમાચાર : | | | | | | |
| ગુરૂવાણી/દિન વિશેષ : | | | | | | |
| આજનો દીપક : | ધોરણ : | ધોરણ : | ધોરણ : | ધોરણ : | ધોરણ : | ધોરણ : |
| | ધોરણ : | ધોરણ : | ધોરણ : | ધોરણ : | ધોરણ : | ધોરણ : |
| | ધોરણ : | ધોરણ : | ધોરણ : | ધોરણ : | ધોરણ : | ધોરણ : |
| આજનો ગુલાબ : | ધોરણ : | ધોરણ : | ધોરણ : | ધોરણ : | ધોરણ : | ધોરણ : |
| પ્રતિજ્ઞાપત્ર : | સમુહમાં | સમુહમાં | સમુહમાં | સમુહમાં | સમુહમાં | સમુહમાં |
| રાષ્ટ્ર ગાન | સમુહમાં | સમુહમાં | સમુહમાં | સમુહમાં | સમુહમાં | સમુહમાં |